# અભિનયસમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ગુજરાતીના માનસપટ પર અકબંધ છે અને રહેશે

## ૭૬ ગુજરાતી ફિલ્મો અને ૧૧ હિન્દી ફિલ્મોમાં અભિનયના અજવાળાં પાથર્યા : સાહિત્યના ઊંડા જાણકાર ઉપેન્દ્ર ત્રિવેદી છટાદાર વક્તા પણ હતા

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતી ફિલ્મોમાં દમદાર અવાજ સાથે જ્યારે રૂપેરી પડદે અભિનય સમ્રાટ સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીની એન્ટ્રી પડતી ત્યારે આખેઆખુ થીયેટર સીટીઓ અને ચિચિયારીઓથી ગુંજી ઉઠતુ. ગત જાન્યુઆરી માસની ૪થી તારીખે જીવનના તખ્તા પરથી આખરી 'એક્ઝીટ' જો ના



મારી હોત તો આજે પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ ૮૦મા વર્ષમાં પ્રવેશ કર્યો હોત. ૧૪મી જુલાઈ ૧૯૩૭માં ઈન્દોર ખાતે જન્મેલા મૂળ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કુકડીયા ગામના રહેવાસી ઉપેન્દ્ર ત્રિવેદી વિના આજે સમગ્ર ગુજરાતના અભિયનક્ષેત્રે કદી ના પુરાય તેવી ખોટ સાલી રહી છે. સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદીના અવસાન પછીની પ્રથમ જન્મ જયંતિએ 'ગાંધીનગર સમાચાર' તેમને વિશેષ સ્મરણાંજલિ અર્પે છે.

અભિનય સમ્રાટ નાટકમાં એકબીજાથી તદન અલગ અલગ એવા સાત પાત્રો ખૂબ જ બારીકાઈથી ભજવી અંતમાં "હું તો તલોદનો તમાકુનો વેપારી"નો આગવા લહેકાઈથી હુંકાર કરનાર ઉપેન્દ્ર ત્રિવેદી સાચા અર્થમાં અભિનય સમ્રાટ બની રહ્યાં.

માનવીની ભવાઈ, રા'નવઘણ, રા'માંડલિક, હિરો સલાટ, મહેંદી રંગ લાગ્યો, લીલુડી ધરતી, શેતલને કાંઠે, જેસલ તોરલ, રાજા ભરથરી, ભાદર તારા વહેતા પાણી, હોથલ પદમણી, અમર દેવીદાસ, અમરસિંહ રાઠોડ, જોગીદાસ ખુમાણ, હરિશ્ચંદ્ર તારામતી, સંતુ રંગીલી, માલવપતિ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

પૂણ્યદાન - પવિત્ર પુરુષોત્તમ માસ હવે ચાર-પાંચ દિવસમાં પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે શ્રદ્ધાળુઓ પુણ્યદાન કરી રહ્યા છે... પુરુષોત્તમ માસમાં ભગવાનને પ્રસન્ન કરવા જીવદયા માટે માનવજાત સદકાર્યો માટે તત્પર બને છે... ગાંધીનગર શહેરમાં ગાયોને ઘાસ નાખવાનું, કિડીયારું ભરવાનું, પક્ષીઓને ચણ ઉપરાંત વૃદ્ધાશ્રમોમાં અને અનાથશ્રમોમાં ભોજન પીરસવા લાંબી લાઈન લાગે છે...

# જિલ્લામાં શિક્ષણનુ સ્તર કથળ્યુ : ૨૪ શાળાઓનું પરિણામ ૩૦ ટકાથી નીચે

ગાંધીનગર તા ૧૩

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ ૧૦ની પરિક્ષામાં જિલ્લાની ૨૪ જેટલી શાળાઓનું ૩૦ ટકાથી નીચુ પરિણામ આવ્યુ છે. નબળા પરિણામ ધરાવતી શાળાઓને જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. જેમાં ૩ શાળાઓનુ પરિણામ છેલ્લા ૩ વર્ષથી ૩૦ ટકાથી નીચુ આવ્યુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી બોર્ડની કસોટીમાં સરકારી શાળાઓનુ પરિણામ સતત નબળુ આવતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા પરિણામ સુધારણા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે. સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધરે તે માટે શિક્ષકોની તાલીમ વધારાના વર્ગો સહિતના પગલા લેવામાં આવે છે.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫ માં લેવાયેલી ધોરણ ૧૦ ની પરિક્ષામાં જિલ્લાની ૨૪ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી

● અનુસંધાન પાન-૭ પર

# નગરના સર્કલો માર્ગ સલામતીની દૃષ્ટિએ જોખમી

## ચ-૩નું તોતિંગ સર્કલ અકસ્માતનું કેન્દ્ર : અગાઉ ચ-૩ નું સર્કલ ૪ મીટર નાનુ કરવા વિચારણા હાથ ધરવામાં આવી હતી

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં માર્ગ સલામતીનો પ્રશ્ન જટીલ બન્યો છે. પૈડા પરની જીન્દગી જોખમી બની છે. ત્યારે નગરના સર્કલો પણ અકસ્માતનું કેન્દ્રબિંદુ બન્યા છે. નગરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલો પર અકસ્માતનો સિલસિલો યથાવત છે. જેમાં ચ માર્ગ પર ચ-૨ અને ચ-૩ના સર્કલમાં ભારે વાહનો ધુસી જવાની ધટના કોઈ નવી વાત નથી. ત્યારે આ સર્કલોની જાળવણીનું કામ સંભાળતી સંસ્થાઓ માટે પણ શિરર્દદ ઉભો થયો છે. આજે પણ ચ-૩ ના સર્કલની બાઉન્ડ્રી તુટી છે. અકસ્માતોને અટકાવવા અગાઉ સર્કલને ૪ મીટર નાનું કરવા પણ નિર્ણય લેવાયો હતો. પરંતુ રોડ સેફટીને ધ્યાને રાખી કોઈ પગલા લેવાયા નથી.નગરના સર્કલો અકસ્માતની દ્રષ્ટીએ ભયજનક પુરવાર થયા છે.ત્યારે વિભાગ દ્વારા અકસ્માત નિવારવા યોગ્ય અભ્યાસ હાથ ધરવાનું અનિવાર્ય બન્યુ છે.

શહેરના મુખ્ય માર્ગોપર સર્કલો વિકસાવવામાં આવ્યા છે. જયારે સર્કલોને વિવિધ થીમ આધારિત સુશોભિત કરાયા બાદ સર્કલો નગરના માર્ગોની ઓળખ બની ગયા છે. માર્ગ મકાન વિભાગ દ્વારા સર્કલોની જાળવણીનું કામ સંસ્થાઓને સોંપવામાં આવ્યુ છે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ જ નગરના સર્કલોને નવારૂપરંગ આપવામાં આવ્યા હતા. જેમાં નવા નામાભિધાન મુજબ સર્કલોને થીમ મુજબ વિકસાવાયા છે. પરંતુ આ દરમિયાન સર્કલોને લઈને જોખમાતી માર્ગ સલામતી અંગે કોઈ વિચાર ન થતા નગરના મુખ્ય માર્ગો પરના સર્કલો અકસ્માતનું કેન્દ્ર બન્યા છે. નગરના ચ માર્ગપરના ચ-૨ તેમજ ચ-૩ સર્કલ પર વારંવાર અકસ્માતો સર્જાય છે. રાત્રિના સમયે ભારે વાહનો સર્કલો પર ચઢી જતા હોવાના અનેક કીસ્સાઓ ધ્યાને આવે છે. જયારે તોતિંગ સર્કલને લીધે વાહનો પલ્ટી ખાઈ જવાના બનાવો પણ ચિંતાનું કારણ બન્યા છે. જેને અનુલક્ષી ખાસ કરીને ચ-૩ નુ સર્કલ તંત્ર દ્વારા ૪ મીટર નાનું કરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ કોઈ ગતિવિધિ હાથ ધરાયા વગર સર્કલને નવો લુક આપવામાં આવતા અકસ્માતો અટકાવવાનું શકય બન્યુ નથી. ચ-૨ તેમજ ઘ-૫ ના સર્કલની પણ આવી જ દશા છે. વારંવાર સર્કલો તુટે છે. જેના પરિણામે તેની નિભાવણીનું કામ સંભાળતી સંસ્થા માટે પણ મુશ્કેલી સર્જાઈ છે. જયારે નગરની માર્ગ સલામતીને જાખમી બનાવતા પરિબળોમાં સર્કલો પણ જવાબદાર બન્યા છે.

# શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનનુ અધુરું કામ ૨ કરોડના ખર્ચે પૂર્ણ કરાશે

## વિભાગે ગ્રામ્યવિસ્તારોમાં ગટરલાઇનની સુવિધા અંગે વિગતો માંગી

ગાંધીનગર તા ૧૩

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ પાયાની સવલતોનો અભાવ વર્તાય છે. જેના પરિણામે પાટનગરથી દસ ડગલા દુર સ્થિત ગામોમાં ગટર પાણી તેમજ પાકા રસ્તાના કામો હજુ પણ પૂર્ણ થઈ શકયા નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં છેલ્લા ૫ વર્ષથી ગટર લાઈનનું કામ અધુરુ છે. જે પૂર્ણ કરવા લાંબા સમયથી કોઈ પગલા લેવાયા નથી. આખરે ગટરલાઈનની કામગીરી તેમજ પરિસ્થિતિ અંગે વિભાગ કક્ષાએથી તંત્ર પાસે વિગતો માંગવામાં આવી છે. જયારે અધુરુ કામ પૂર્ણ કરવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવશે.

શહેરી વિસ્તારના ગામોમાં ગટરલાઈનનું કામ અગાઉ કોન્ટ્રાકટર દ્વારા અધુરુ છોડી દવાયુ હતું ગટર લાઈનની કામગીરી માટે કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમછતા કામ પૂર્ણ ન થતા સરકારના પૈસા પાણીમાં ગયા હતા. બીજીતરફ ગ્રામજનોને પણ ગટરલાઈનની પર્યાપ્ત સુવિધાનો લાભ મળી શકયો ન હતો. કામ અધુરુ છોડી દેનાર એજન્સી સામે પણ કડક પગલા લેવાનો નિર્ણય લેવાયો હતો. આવા સંજોગોમાં ગટરલાઈનની સુવિધા પર્યાપ્ત રીતે ઉપલબ્ધ ન થતા ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્તાયો છે. ગ્રામ્ય વિસ્તારની ટોપોગ્રાફીના લીધે પણ શહેરી વિસ્તારના ગામોમાં ગટર લાઈનનું કામ કરવું થોડુ મુશ્કેલ હોવાનું મનાઈ રહયું છે. જયારે ગટરલાઈન સહિત રસ્તા તેમજ પાણીની પુરતી સુવિધાના અભાવ વચ્ચે ગ્રામજનોએ ડગલે અને પગલે હાલાકી ભોગવવી પડતી હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે. આ મામલે વારંવાર માર્ગ મકાન વિભાગ સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. જો કે આ મામલે ટુંકમાં ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. આ મામલે વિભાગ દ્વારા તંત્ર પાસે ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનના કામ અંગેની વિગતો મંગાવામાં આવી છે. જયારે ગામડાઓમાં ગટરલાઈનનું અધુરુ કામ પૂર્ણ કરવા ૨ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનનું કામ ટુંકમાં હાથ ધરવામાં આવશે.

# શહેરમાં આજે બે જાણીતા કલાકારો આવશે

ગાંધીનગર તા ૧૩

આજે સુપ્રસિધ્ધ અભિનેતા મનોજ જોષી તેમજ ગાયક પાર્થિવ ગોહિલ ગાંધીનગર આવશે. કલ્ચરલ સ્કુલ ઓફ મ્યુઝિક તેમજ સ્કુલ ઓફ પર્સનાલિટી ડેવલપમેન્ટનો શુભારંભ કરાવશે.રાત્રિના ૮:૩૦ કલાકે ટાઉનહોલ ખાતે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીના ૮૦ માં જન્મદિવસની ઉજવણી અન્વયે





**અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રિય અભિનય સ્પર્ધાનું પારિતોષિક વિતરણ : અભિનેતા મનોજ જોષી અને પાર્શ્વ ગાયક પાર્થિવ ગોહિલ કલ્ચરલ સ્કુલ ઓફ મ્યુઝિક અને પર્સનાલિટીનુ ઉદઘાટન કરશે**

આયોજિત એકપાત્રીય અભિનય સ્પર્ધાના વિજેતાઓને નવાજવામાં આવશે. પાર્થિવ ગોહીલ સંગીતના સુર સાથે પોતાનો જાદુઈ સ્વર રેલાવી સ્કુલ ઓફ મ્યુઝિકનુ ઉદઘાટન કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સ્કુલ ઓફ એકટીંગ અને પેઈન્ટીંગના સફળ શરૂઆત બાદ નગરના સંગીતપ્રેમીઓને અનુલક્ષી સ્કુલ ઓફ મ્યુઝિક શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના અનુસંધાને સંસ્થા દ્વારા નગરમાં કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે કલાકારોને પ્રોત્સાહન પુરુ પાડવા

● અનુસંધાન પાન-૭ પર

# કલ્ચરલ ફોરમ દ્વારા યોજાયેલ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એકપાત્રિય અભિનય સ્પર્ધા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ યોજીત પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનય સ્પર્ધામાં શહેરની શાળા કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગુજરાત જેમને અભિનય સમ્રાટ તરીકે ઓળખે છે એવા તત્કાલિન લોકપ્રિય કલાકાર પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના એસીમાં જન્મદિને અભિનય સ્પર્ધાનું આયોજન કરી નગરના કલાકારો અને કલ્ચરલ ફોરમે સ્મરણાંજલિ અર્પી હતી. ઉપેન્દ્રભાઈ ત્રિવેદીને ગાંધીનગર સાથે અને ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે અનન્ય સબંધ હતો જેના સંસ્મરણો સૌએ વાગોળ્યા હતા.

એક પાત્રીય અભિનય સ્પર્ધા શાળા વિભાગની સ્પર્ધા સવારે માઉન્ટ કાર્મેલ ખાતે યોજાઈ હતી. જેમાં શહેરની ૧૨થી વધુ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જેમાં માધ્યમિક વિભાગમાં સી.એમ. વિદ્યાલયના કુલદીપ ડોડિયાએ દુઃખીનો આક્રોશ ભગવાન સામે અભિનય રજૂ કરતા પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વસંતકુંવરબા કન્યા વિદ્યાલયની રેણુકા ચૌધરીએ વૃધ્ધની વ્યથા રજુ કરતા બીજો અને સ્કુલ ઓફ એચિવરના અમન ઠક્કરે ફૌજી ડ્રાઈવરનું પાત્ર ભજવી ત્રીજો નંબર મેળવ્યો હતો.

કોલેજ વિભાગમાં ઉમા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની મંજુ બેરાણી સેમીસ્ટર એકઝામ પ્રથમ, પી.કે.ચૌધરી કોલેજની કાજલ ચાવડાએ ગામડાની ભોળીમા અને અશ્વિનભાઈ પટેલ કોલેજનો માધવ પટેલ પાગલનું પાત્ર ભજવતા ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

ઓપન વિભાગમાં પ્રથમ પિયજ પ્રાથમિક શાળાના ભીખુભાઈ કવિ અનવોન્ટેડ મેન, દ્વિતીય ડભોડા કન્યા શાળાની હેતલ ત્રિવેદી ન જન્મેલ દિકરી અને તૃતીય પ્રાથમિક શાળા સે-૩ દર્શીની જોષીએ ગાંધારીનું પાત્ર ભજવ્યું હતું.

અભિનય સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે જાણીતા કલાકારો શ્રીમતી ચારૂબેન પટેલ, શ્રી પ્રફુલ ભાવસાર અને શ્રી રાજુભાઈ શુકલએ ફરજ બજાવી હતી.

## માહિતી વિભાગના બે અધિકારીઓને બઢતી

ગાંધીનગર, તા. ૧૩

માહિતી કમિશનરશ્રીની કચેરી ખાતે સમાચાર શાખાના નાયબ માહિતી નિયામકપદે ફરજ બજાવતા શ્રી જી.આર. સંગાડા અને પ્રકાશન વિભાગના નાયબ માહિતી નિયામક શ્રી કે.એ. કરમટાને સંયુક્ત માહિતી નિયામક તરીકે બઢતી આપવામાં આવી છે. શ્રી જી.આર. સંગાડાને સંયુક્ત માહિતી નિયામક, વહીવટની ખાલી પડેલી જગ્યા તથા શ્રી કે.એ. કરમટાને સંયુક્ત માહિતી નિયામક, રાજકોટની ખાલી પડેલી જગ્યાએ બઢતી આપવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની સ્વચ્છતા અભિયાન અંતર્ગત મુલાકાત લીધી હતી. તેમણે આ મુલાકાત દરમ્યાન દર્દીઓને મળતી સારવાર સહિતની વિગતો અંગેની જાણકારી મેળવી હતી. આ મુલાકાત વેળાએ સિવિલ સુપ્રિ. ડૉ. બીપીનભાઈ નાયક, આર.એમ.ઓ. (ઈન્ચાર્જ) ડૉ. કલ્પેશ શાહ તેમજ તબીબી અધિકારીઓ હાજર રહ્યા હતા.


## જાહેર આભાર



**તેજાભાઈ કે. દેસાઈ**

**ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની વ્યવસ્થાપક સમિતિના સભ્યની સેકટર-૪/૫ના મતદાર વિભાગની ચૂંટણીમાં મંડળીના જાગૃત સભાસદોએ શાંતિપૂર્વક મતદાન કરીને મને જંગી બહુમતીથી વિજયી બનાવ્યો છે તે બદલ મારામાં વિશ્વાસ વ્યક્ત કરનાર તમામ સભાસદમિત્રોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.**

## ટેન્ડર નોટીસ

**ગાંધીનગર જિલ્લાના કોબા ગામે ગ્રામ પંચાયત માટે નંગ-૨ (બે) અને બંને પ્રાથમિક શાળાઓ માટે બબ્બે આમ કુલ-૬ (છ) નંગ કોમ્પ્યુટર ખરીદવાના છે. અદ્યતન ટેકનોલોજી સાથેના તમામ ફીચર્સ ઉમેરીને કોમ્પ્યુટર ખરીદવાના છે. રસ ધરાવતા વિક્રેતાઓએ બંધ કવરમાં દિન-૪માં સરપંચશ્રી, ગ્રામ પંચાયત, કોબાના નામે મોકલી આપવા જણાવવામાં આવે છે.**

સરપંચશ્રી
ગ્રામ પંચાયત
કોબા, તા.જી. ગાંધીનગર

## National Productivity Council
(Under Ministry of Commerce and Industry, Government of India)
E – 5, GIDC Electronic Estate, Sector 26, Gandhinagar, Gujarat – 382 028
http://www.npcindia.gov.in Tel: (079) 23277344 - 45

**CORRIGENDUM**

This has reference to tender published by NPC Gandhinagar on 04.07.2015 for disposal of scrap items. It may be noted that for electrical and computer items (category 1 and 2), bid can be submitted by only GPCB registered e-waste recyclers/dismantlers. Corrigendum has been issued based upon notification issued by Ministry of Environment & Forests dt. 12.05.2011.

Head (RPMG) and Director

## ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૧૪
### માઇક્રોબાયોલોજી અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની જાહેરાત

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત Microbiology વિભાગ M.Sc.માં પ્રવેશ ઇચ્છતા B.Sc. Microbiologyના વિદ્યાર્થીઓએ તા. ૧૫-૭-૧૫ના રોજ તેમના અસલ પ્રમાણપત્રો સાથે નીચેના સરનામે રૂબરૂ હાજર રહેવું. હાજર વિદ્યાર્થીઓમાંથી ખાલી રહેતી જગ્યા માટે પ્રવેશપરીક્ષાથી પ્રવેશ આપવામાં આવશે. સંપર્ક : ગૂજરાત વિદ્યાપીઠ, માઇક્રોબાયોલોજી વિભાગ, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પરિસર, મુ.પો. સાદરા, તા.જિ. ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૭૪૩૨૧/૨૩૨૭૪૨૭૪
તા. ૧૩/૦૭/૨૦૧૫ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ




ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com